For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**ભરૂચની સાયખાની સિનઝીલ ફાર્માકેમ દુર્ઘટનામાં પાંચ ઘાયલ, ધડાકો 15 કિમી દૂર સુધી સંભળાયો**

# વાગરાની કંપનીમાં બ્લાસ્ટમાં 5નાં મોત

**હાઇડ્રોજીનેશન** પ્રક્રિયા દરમિયાન વિસ્ફોટ થયો

200 મીટર દૂર ઊભેલા ટ્રેક્ટરનું ટાયર પણ ફાટી ગયું

**આસપાસની** કંપનીઓનાં સ્ટ્રક્ચર પણ હલી ઊઠ્યાં





ભરૂચ: વાગરાની સાયખા GIDC સ્થિત સિનઝીલ ફાર્માકેમ કંપનીમાં ગત રાત્રે હાઇડ્રોજીનેશન પ્રક્રિયા દરમિયાન પ્રચંડ વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટનામાં 5 કામદારનાં મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાઈ ગયો છે, જ્યારે 5 કામદાર ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાત્રે આશરે 10:30થી 11 વાગ્યાની વચ્ચે

...અનુસંધાન પાના 9 પર

### મૃત્યુ પામેલા કમભાગી

- ભાવિક વસાવા
- અર્જુન કુમાર
- અનિકેત કુમાર
- જયદીપ પટેલ
- વૃંદ તલાવિયા

### ઇજાગ્રસ્ત કામદાર

- પ્રિયાંશુ કુમાર
- પવન કુમાર
- પ્રતીક પ્રજાપતિ
- મોસમ કુમાર
- શિવ દયાલ

### મૃતકોના પરિવારજનોને રૂ.૭૫ લાખ સહાય અને એક સભ્યને નોકરીની બાંયધરી

ભરૂચ: સાયખા GIDC સ્થિત સિનઝીલ ફામકિમ કંપનીમાં થયેલી દુર્ઘટનામાં જીવ ગુમાવનાર શ્રમિકોના પરિવારજનોને ન્યાય અને યોગ્ય વળતર મળે તે હેતુથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી સંદીપ માંગરોલાએ શનિવારે ભરૂચ કલેક્ટરને રૂબરૂ મળી રજૂઆત કરી હતી. તેમણે દરેક મૃતકના પરિવારજનોને રૂ.૭૫ લાખની સહાય આપવા માટે સરકાર અને કંપની સમક્ષ માંગણી કરી હતી.

...અનુસંધાન પાના 9 પર

### ઘટના બની ત્યારે અંદર 17 જણા હતા : અમરસિંહ રાજ

આ ઘટના અંગે સ્થાનિક અમરસિંહ રાજે કહ્યું કે, બે કંપનીમાં આગ લાગી હતી, તે આજ દુર્ઘટના બની હતી, એમાં સાચો આંકડો બતાવ્યો નથી. મારા જેવાનું ગજવું ભરાઇ ગયું એટલે બધું દબાઈ ગયું. બધુ જ દબાઇ જતું હોવાથી કાર્યવાહી થતી

...અનુસંધાન પાના 9 પર

### કંપની તાત્કાલિક બંધ કરવા નોટિસ

વહીવટી તંત્ર દ્વારા કંપનીને તાત્કાલિક અસરથી કામગીરી બંધ કરવાની નોટિસ ફટકારવામાં આવી છે. તપાસ પૂર્ણ થયા બાદ અકસ્માત માટે જવાબદાર

...અનુસંધાન પાના 9 પર

**સુરત મહાપાલિકામાં વહીવટમાં હવે પોતાના ઉપરી માટે પણ કોન્ટ્રાક્ટરો પાસે માંગણી શરૂ**

# કાર્યપાલક ઈજનેરે પોતાના IAS બોસ માટે કોન્ટ્રાક્ટરો પાસે ટકાવારી માંગી!

**રજૂઆતો** કરવામાં આવી તો આ IAS બોસનું વલણ પણ એવું જ રહ્યું કે કાર્યપાલકે કર્યું તે ખરું છે

**કમિ.** રાજકુમાર બેનીવાલના નાક નીચે ચાલતા આ ગોરખધંધાને કારણે મનપામાં ખળભળાટ

સુરત: સુરત મહાપાલિકામાં સમિતીના ચેરમેનો કોન્ટ્રાકટરો પાસેથી ભાગ માંગે કે પછી અધિકારીઓ ભાગ માંગે તે હવે એક શિષ્ટાચાર બની ગયો છે પરંતુ મહાપાલિકામાં એક કાર્યપાલક ઈજનેરે પોતાના વિભાગના કોન્ટ્રાકટરો પાસેથી પોતાના ડે.કમિ. તરીકે કાર્યરત IAS બોસ માટે પણ ટકાવારી માંગવા માંડતા મોટો વિવાદ સર્જાયો છે. સામાન્ય રીતે IAS અધિકારી ટકાવારીઓમાં પડતા નથી ત્યારે આ કાર્યપાલક ઈજનેરે ખરેખર પોતાના બોસ માટે જ ટકાવારી માંગી છે કે પછી પોતાના ઘરે મોટો ભાગ લઈ જવાનો પ્લાન કર્યો છે તેની ચર્ચા સુરત મનપામાં ચાલી રહી છે. કમિ. રાજકુમાર બેનીવાલની નીચે જ ચાલી રહેલી આ પ્રવૃત્તિએ અનેક સવાલો ઊભા કર્યા છે.

સુરત મહાપાલિકાનો વહીવટ ધીરેધીરે ખૂબ ખરાબ થઈ રહ્યો છે. એક સમય હતો કે જ્યારે મહાપાલિકામાં અધિકારીઓ કોન્ટ્રાકટરો પાસેથી ટકાવારી માંગવાની હિંમત પણ કરી શકતા નહોતા. ધીરેધીરે પોતાના વિભાગમાં કામ કરતાં કોન્ટ્રાકટરોને દબાવીને ટકાવારી શરૂ કરી દેવામાં આવી. કામની ગુણવત્તાથી માંડીને બિલ મામલે હેરાનગતિ કરીને કોન્ટ્રાકટરોને ત્રાસ અપાવા માંડ્યો અને કોન્ટ્રાકટરો પણ પરિસ્થિતિના માર્યા ટકાવારી ચૂકવી રહ્યા હતા સામાન્ય રીતે જે તે ડે.કમિ. આવી ટકાવારીઓમાં પડતા નથી અને તેમાં પણ IAS અધિકારીઓ પોતાની ઈમેજ બગડે તેવું કશું કરતા નથી પરંતુ આ કાર્યપાલક ઈજનેર દ્વારા તેના IAS બોસ માટે છેલ્લા કેટલાક સમયથી શરૂ કરાયેલી માંગણીએ રાજકીય રીતે ભારે ચર્ચાઓ શરૂ કરી છે.

કોન્ટ્રાકટરો દ્વારા આ મામલે નામ ન આપવાની શરતે ભારે

...અનુસંધાન પાના 9 પર

# સુરતમાં પહેલી વખત ઓરકેસ્ટ્રા પર દાંડિયા પીરછડી રોડ પર થયા હતા

**1976માં** હીરાના વેપારી અરવિંદ વસંતલાલ શાહ ત્યારે પીપૂડી વગાડતા હતા

**મુંબઇના** જૈન બેન્ડે સુરતમાં ઓરકેસ્ટ્રા પર દાંડિયા રમાડવાની શરૂઆત કરી હતી





અરવિંદ શાહ

સુરત : અત્યારે નવરાત્રિ ચાલી રહી છે ત્યારે ચારે તરફ માત્રને માત્ર કોમર્શિયલ ગરબાના પાસ માટેની વાત ચાલી રહી છે. ત્યારે

...અનુસંધાન પાના 9 પર

### સોની ફળિયા બોમ્બે હાઉસની ગલીમાં ત્રણ વર્ષ દાંડિયા યોજાયા હતા



નીતિન શેઠ

આ અંગે બોમ્બેહાઉસની બાજુની ગલી એટલે કે સોનિફળિયા હનુમાનપોળમાં રહેતા નીતિનભાઇ શેઠે જણાવ્યું હતું કે, તે સમયે ઓરકેસ્ટ્રા પર દાંડિયા એક નવી જ વાત હતી. તેમની ગલીમાં બોમ્બેહાઉસની બાજુની ગલીમાં અરવિંદભાઇ

...અનુસંધાન પાના 9 પર

**સુરત એરપોર્ટ પર ટર્મિનલ બિલ્ડિંગ બનાવવામાં ભારે લાપરવાહી**

# ટર્મિનલ શરૂ થઈ ગયાને ત્રણ વર્ષ થયા પણ ફાયર એક્ઝિટ જ નથી!

**સુરતના** જાગૃત નાગરિકે પબ્લિક ગ્રીવાન્સ ઓફિસર પાસે વિગતો માંગતા પર્દાફાશ થયો

**એરપોર્ટના** પ્રથમ માળે ઇમરજન્સી સીડી બનાવવાનો મુદ્દો BCAS સાથે વિચારણા હેઠળ હોવાનો તંત્રનો લૂલો બચાવ



સુરત: સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટના નવા બનેલા ઇન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડિંગના ઉદ્ઘાટન અને ઉપયોગ શરૂ કર્યાને ત્રણ વર્ષ ઉપરાંતનો સમય થઈ ગયો હોવા છતાં ટર્મિનલ બિલ્ડિંગના પ્રથમ માળે ફાયર ઈમરજન્સી એક્ઝિટના ઠેકાણા નથી! સુરતના જાગૃત નાગરિક અને ફ્રિકવન્ટ ફ્લાયર્સ દ્વારા આ મામલે એરપોર્ટ ઓથોરિટી ના પબ્લિક ગ્રિવન્સ વિભાગમાં લેખિત ફરિયાદ કરતા પબ્લિક ગ્રિવન્સ ઑફિસર દ્વારા ઉત્તર આપવામાં આવ્યો છે કે, 'સુરત એરપોર્ટના પ્રથમ માળે ઇમરજન્સી સીડી બનાવવાનો મુદ્દો BCAS સાથે

...અનુસંધાન પાના 9 પર

### પેસેન્જર સેફ્ટીને જોખમમાં મૂકી તંત્ર નિર્ણય નહીં લેતું હોવાની રાવ

સુરત એરપોર્ટના પ્રથમ માળે ઇમરજન્સી એક્ઝિટનો માર્ગ ખુલ્લો કરવા જાગૃત નાગરિકની ફરિયાદ છતાં પેસેન્જર સેફ્ટીને જોખમમાં મૂકી તંત્ર નિર્ણય નહીં લેતું હોવાનો મામલો સામે આવ્યો છે. સુરત એરપોર્ટના પ્રથમ માળે ડોમેસ્ટિક સિક્યોરિટી હોલ્ડ એરિયા (SHA) માંથી ફાયર અને ઇમરજન્સી એક્ઝિટની સીડી સુધી જવાનો માર્ગ હજુ સુધી ખુલ્લો ન કરાયો હોવા અંગે સુરત ના જાગૃત નાગરિકે

...અનુસંધાન પાના 9 પર

# ચોમાસા બાદ શિયાળાને બદલે ઉનાળો શરૂ થયા જેવી સ્થિતિ, પારો 37.5 ડિગ્રી

**બંગાળની** ખાડીમાં વિકસતી સિસ્ટમની અસરથી 26મી બાદ વાતાવરણમાં પલટાની શક્યતા

**દક્ષિણ** ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ અને છૂટાછવાયા વરસાદની સંભાવના

સુરત: સુરત શહેરમાં ગરમીનો પ્રકોપ યથાવત્ રહ્યો છે. આજે મહત્તમ તાપમાનમાં અડધો ડિગ્રીનો વધારો નોંધાતાં પારો 37.5 ડિગ્રી પર પહોંચ્યો હતો. બીજી તરફ, લઘુત્તમ તાપમાનમાં એક ડિગ્રીનો ઘટાડો થતાં તે 26.4 ડિગ્રી નોંધાયું હતું. દિવસ દરમિયાન ગરમીનો અનુભવ યથાવત્ રહેવાની સાથે હવામાનમાં ભેજનું પ્રમાણ પણ નોંધપાત્ર રહ્યું હતું.

હવામાનની વિગતો મુજબ, શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ 55 ટકા નોંધાયું હતું, જ્યારે ઉત્તર-પશ્ચિમ દિશામાંથી 4 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નોંધાયેલા ફેરફાર વચ્ચે શહેરના હવામાનમાં આગામી દિવસોમાં પલટો આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બંગાળની ખાડીમાં એક હવામાન પ્રણાલી વિકસી રહી છે. આ સિસ્ટમ આગામી 26મી તારીખ બાદ ઉત્તર પ્રદેશ (યુપી) અને મધ્ય પ્રદેશ (એમપી)ના હવામાનને

...અનુસંધાન પાના 9 પર

**ભેસ્તાનની ભગવતી ઇન્ડસ્ટ્રિઝમાં પ્લોટમાં**

# લિફ્ટ માટે ખોદાયેલા ખાડામાં પાણી ભરાયું ને ભાઈ-બહેન ડૂબી ગયાં!

**માતા**-પિતા મજૂરીમાં વ્યસ્ત હતા ત્યારે રમતાં-રમતાં બાળકો જઈ ચડ્યા

**બાળકોને** ખ્યાલ જ નહીં આવ્યો કે ખાડામાં પાણી ભરેલું છે!

સુરત: ભેસ્તાન વિસ્તારમાં આવેલી બાંધકામ સાઈટ પર સુરક્ષાના અભાવે ગંભીર દુર્ઘટના સર્જાઈ હોવાની આશંકા વચ્ચે બે માસૂમ ભાઈ-બહેનનાં ડૂબી જવાથી મોત થયાં છે. ભગવતી ઈન્ડસ્ટ્રીઝના કોમર્શિયલ પ્લોટમાં નિર્માણાધીન ઈમારતના લિફ્ટ માટે ખોદવામાં આવેલા પાણી ભરેલા ઊંડા ખાડામાં પડી જતાં ત્રણ વર્ષના અલ્કેશ અને બે વર્ષની રીટાએ જીવ ગુમાવ્યો હતો. એક જ પરિવારનાં બે સંતાનોના મોતથી શ્રમજીવી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી વિગતો અનુસાર, મૂળ રાજસ્થાનના વતની દિતા કટારા અને તેમનો પરિવાર ઘણાં વર્ષોથી

...અનુસંધાન પાના 9 પર

### બહાર કાઢ્યા ત્યાં સુધીમાં બંનેના શ્વાસ થંભી ગયા હતા

ઘટનાની જાણ થતાં જ માતા-પિતા સહિત સાઇટ પર કામ કરતા અન્ય મજૂરો અને કામદારો દોડી આવ્યા હતા. તેમણે તાત્કાલિક બંને બાળકોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા, પરંતુ પાણીમાં ડૂબી જવાથી બંને બાળકોના પ્રાણપંખેરુ ઊડી ગયા હતા. એકસાથે 2 માસૂમ બાળકો ગુમાવનારા શ્રમજીવી પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને સમગ્ર વિસ્તારમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ છે. બાંધકામ સાઇટ પર આવી ખુલ્લી અને જોખમી જગ્યાઓ સામે સુરક્ષા વ્યવસ્થા રાખવા બાબતે પણ ગંભીર સવાલો ઊભા થયા છે.

**ઉનાળામાં પણ ૧.૫૫ લાખ હેક્ટરને પાણી આપવાનું આયોજન**

# ઉકાઈ ડેમ ૭૫ ટકા જ ભરાતા સિંચાઈના પાણી સામે પડકાર

**ઓછા** વરસાદ વચ્ચે રવિ અને ઉનાળુ સિઝનના પાણીનું આયોજન; ૯૦ દિવસ નહેરો બંધ રાખી મરામત કરાશે

**પાણી** કરકસરથી વાપરવા રાજ્યમંત્રીની અપીલ



સુરત: ચાલુ વર્ષે ઓછા વરસાદને કારણે ઉકાઈ ડેમ ૭૫ ટકા જ ભરાયો છે ત્યારે આગામી રવિ અને ઉનાળુ સિઝનમાં સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ કરાવવું જળસંપત્તિ વિભાગ માટે પડકારરૂપ બની શકે છે. ડેમમાં હાલ ૩૩૫.૧૮ ફૂટ સપાટી સાથે ૫૦૫૯.૬૦ મિલિયન ક્યુબિક મીટર (MCM) પાણીનો જથ્થો નોંધાયો છે. બીજી તરફ, વર્ષ ૨૦૨૬-૨૭માં રવિ સિઝન દરમિયાન ૧,૫૬,૯૦૦ હેક્ટર અને ઉનાળુ સિઝનમાં ૧,૫૫,૯૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન કરાયું છે. ઓછા વરસાદ વચ્ચે ખેતી અને અન્ય જરૂરિયાતો માટે પાણીનું વ્યવસ્થાપન જળવાઈ રહે તે માટે પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.

જળસંપત્તિ અને પાણી પુરવઠા

...અનુસંધાન પાના 9 પર

### રૂ.૮૬૪ કરોડના ખર્ચે ૨૮૪ સ્ટ્રક્ચરનું નવીનીકરણ

ઉકાઈ ડેમની જમણી અને ડાબી કાંઠાની કુલ ૨૫૧.૧૭ કિમી લંબાઈમાં રૂ.૮૬૪.૩૬ કરોડના ખર્ચે ૨૮૪ જેટલાં સ્ટ્રક્ચરના નવીનીકરણનું આયોજન કરાયું છે. રાજ્ય સરકાર જાપાનીઝ એન્જિનિયરિંગ સ્ટાન્ડર્ડ્સ આધારિત 'એર-ફિલ્ડ રબર ડેમ ટેકનોલોજી'નો પણ અમલ કરી રહી છે, જેનાથી પૂર નિયંત્રણ અને પાણીના સંગ્રહમાં મદદ મળવાની અપેક્ષા છે. આધુનિકીકરણ અને મરામતનાં કામો માટે ૧૬ નવેમ્બર ૨૦૨૬થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી અંદાજે ૯૦ દિવસ નહેરો બંધ રાખવામાં આવશે. સિંચાઈ વસૂલાતની વિગતો મુજબ, એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ઉકાઈ-કાકરાપાર યોજના હેઠળ રૂ.૬૧૭.૫૨ લાખ અને ઉકાઈ યોજના (વાલોડ) હેઠળ રૂ.૩૬.૦૩ લાખ મળી કુલ રૂ.૬૫૩.૫૫ લાખની પિયાવાની વસૂલાત થઈ છે. જ્યારે ઉકાઈ-કાકરાપાર યોજનાની બિનખેતીની સપ્ટેમ્બર સુધીની વસૂલાત રૂ.૫૨૬.૯૩ કરોડ નોંધાઈ છે.

# ભેસ્તાનમાં કેમિકલયુક્ત પાણી છોડતી વીવા મિલ જ ગેરકાયદે!

**ડાયમંડ** ક્લાસિક પાર્ક નજીક કેમિકલયુક્ત પાણી છોડાતું હોવાની ફરિયાદ બાદ તપાસ કરતા મિલનો પર્દાફાશ

**મંજૂરી** વિના ચાલતી ડાઈંગ મિલ અંગે જીપીસીબીએ ગાંધીનગર રિપોર્ટ મોકલી તપાસ શરૂ કરી

સુરત: ભેસ્તાન ખાતે ભગવતી ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ડ્રેનેજ લાઇનમાંથી કેમિકલયુક્ત પાણી બેક મારતા જીપીસીબીને ફરિયાદ મળી હતી. જીપીસીબીએ તપાસ કરતા આ પાણી છોડી રહેલી વીવા ડિજીટલ મિલ જ ગેરકાયદે હોવાનું સામે આવ્યું છે. જીપીસીબીએ આ અંગે પાણીના સેમ્પલ લીધા છે. સાથે જ મિલ ગેરકાયદે ચાલું હોવાનો રિપોર્ટ ગાંધીનગર મોકલી આપ્યો છે. આગામી દિવસોમાં મિલ સામે કાર્યવાહી થશે.

ભેસ્તાનની ભગવતી ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં કેમિકલયુક્ત પાણીના નિકાલની ફરિયાદે ગંભીર વળાંક લીધો છે. ડાયમંડ ક્લાસિક પાર્ક નજીક આવેલી વીવા ડિજિટલ મિલ દ્વારા સર્વોદય વિદ્યાલય પાસેની ડ્રેનેજ લાઇનમાં પ્રદૂષિત પાણી છોડવામાં આવતું હોવાની ફરિયાદ બાદ તંત્રએ તપાસ હાથ ધરી છે. આ તપાસ દરમિયાન મિલ સંપૂર્ણપણે ગેરકાયદે ચાલતી હોવાની અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) ની જરૂરી મંજૂરી વિના સંચાલન

...અનુસંધાન પાના 9 પર

### દુ:ખદ અવસાન-બેસણું



સ્વ. મનુબેન ઈશ્વરભાઈ પટેલ
જન્મ તા. ૫/૮/૧૯૫૦
સ્વ. તા. ૧૭/૧૦/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે મારા બેન/ફોઈ સ્વ. મનુબેન ઈશ્વરભાઈ પટેલનું તા. ૧૭/૧૦/૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

સદ્દગતનું બેસણું તા. ૧૯/૧૦/૨૦૨૬ સોમવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

તા.ક. લૌકિક રિવાજ બંધ છે.

લિ.
સ્વ. છીમકાભાઈ ભગુભાઈ પટેલ

| | |
|---|---|
| નગીનભાઈ ભગુભાઈ પટેલ | દિપેશભાઈ નગીનભાઈ પટેલ |
| હરીશભાઈ સુખાભાઈ પટેલ | રજનીશ(રોકી)ભાઈ હરીશભાઈ પટેલ |
| ભીખુભાઈ સુખાભાઈ પટેલ | દિપકુમાર મુકેશભાઈ પટેલ |
| મુકેશભાઈ છીમકાભાઈ પટેલ | રિન્કેશભાઈ ભીખુભાઈ પટેલ |
| સંજયભાઈ છીમકાભાઈ પટેલ | વૈદકુમાર સંજયભાઈ પટેલ |

સ્થળ : નગીનભાઈ ભગુભાઈ પટેલ બાણ મહોલ્લો, જોગણીમાતાના મંદિર પાસે, ખજોદગામ, સુરત.

### છઠ્ઠી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. અંબાબેન નારસિંગભાઈ ચૌધરી
સ્વ. તા. ૧૮-૧૦-૨૦૨૦

આજના દિવસે આપની ચિર વિદાયને છ (૬) વર્ષ પૂરા થયા, છતાં આપ અમારી વચ્ચે છો, એવી લાગણી સતત રહ્યા કરે છે. આપની યાદ અમોને કાયમ રહેશે. પ્રભુ આપના આત્માને ચિર શાંતિ પ્રદાન કરે એવી અભ્યર્થના.

લિ.
નારસિંગભાઈ પાનાભાઈ ચૌધરી (પતિ)
કૌશિકકુમાર નારસિંગભાઈ ચૌધરી (પુત્ર)
નૂતન વિરેન્દ્ર ગામીત (પુત્રી-જમાઈ)
આરવ-વિહા (પૌત્ર-પૌત્રી)

નિવાસ સ્થાન: બી-૨૪, સરિતાનગર સોસાયટી, વ્યારા, જિ. તાપી.

### અનાવિલ અવસાન-અશ્રુભીની શ્રદ્ધાંજલિ



સ્વ. ભરતચંદ્ર મોહનલાલ દેસાઈ
સ્વ. તા. ૧૩-૧૦-૨૦૨૬
બીલીમોરા, તા. ગણદેવી

સત્કાર્યો તમારી સેવા હતી, સજ્જનતા તમારી સુવાસ હતી. પ્રસન્નતા તમારૂં જીવન હતું, પરોપકાર તમારૂં રટણ હતું. અંજલિ આપતા હૈયું અમારૂં તુટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો પણ ખુંટે છે. પરંતુ તમારી યાદ સદા ફુલોની જેમ મહેંકતી રહેશે. અમો પરિવારજનો 'સ્વ. ડો. ભરતચંદ્ર મોહનલાલ દેસાઈ' ના પૂણ્ય આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના સાથે અશ્રુભીની શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ.

લિ. તમારા બહેન-બનેવીના પરિવારજનો
બાબુભાઈ છોટુભાઈ દેસાઈ-બનેવી (સહકારી અને સામાજિક અગ્રણી)
અ.સૌ. વિલાસબેન બાબુભાઈ દેસાઈ (બહેન)
ધર્મેશ બાબુભાઈ દેસાઈ (ભાણેજ)
અ.સૌ. કલ્પના ધર્મેશભાઈ દેસાઈ (ભાણેજ વહુ)
તથા સમસ્ત પરિવારજનો

નાણાંવટ ફળિયું, મોટાવરાછા-સુરત શહેર (મો. ૯૯૨૫૩ ૭૬૪૭૨)


**અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


### દુ:ખદ અવસાન



સ્વ. બાબુલાલ અંબાલાલ ગજ્જર
સ્વ. તા. ૧૬/૧૦/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા પૂ. પિતાશ્રી **બાબુલાલ અંબાલાલ ગજ્જર** તા. ૧૬/૧૦/૨૦૨૬, શુક્રવારના રોજ સાંજે **શ્રીજી ચરણ** પામેલ છે. પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

**સદ્દગતનું બેસણું**
તા. 18/10/2026, રવિવારે
સવારે ૧૦:૦૦ થી ૧૨ વાગ્યા સુધી
એસ.વી.પટેલ ભવન-ગેસ્ટ હાઉસ, મહિડા ભવન, નીલમ સોસાયટી, SVNIT સર્કલ, પીપલોદ, સુરત ખાતે રાખેલ છે.

લિ. સ્વ. શકુંતલાબેન બાબુભાઈ ગજ્જર (પત્ની)
ગં.સ્વ. ભાવનાબેન શાહ (પુત્રી)

| | |
|---|---|
| કમલેશ ગજ્જર (પુત્ર) | હર્ષાબેન ગજ્જર (પુત્રવધુ) |
| હેમંત ગજ્જર (પુત્ર) | રૂચિ ગજ્જર (પુત્રવધુ) |
| ધુમિત ગજ્જર (પૌત્ર) | ગર્વિત ગજ્જર (પૌત્ર) |
| પ્રાંશુંની ગજ્જર (પૌત્રી) | પ્રિયાંશી ગજ્જર (પૌત્રી) |

સમસ્ત ગજ્જર પરિવાર
વિનાયક પેકેજીંગ, ઈકો પેકેજીંગ અને વર્લ્ડ ઓફ પેકેજિંગ

નિવાસસ્થાન : B-903, નંદિની-2 એપાર્ટમેન્ટ, વેસુ મેઈન રોડ, સુરત.
મો. : 98241 95552 / 96624 05069

### ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. બિપીનચંદ્ર ડાહ્યાભાઈ સુકાની
સ્વ.તા. ૧૮-૧૦-૨૦૨૩

સુખને કદી છલકાવ્યુ નહી,
જીવનભર મહેનત કરીને,
શુન્યમાંથી સર્જન કર્યુ,
ધુપસળી ની માફક જીવન
જીવી સુંગધ ફેલાવી
જીવનપંથના કાંટા સહન કરી
કુટુંબ માટે ફૂલો પાથર્યા
આપની યાદ અને આપના
આદર્શોને સ્મરણ કરીને
પ્રાર્થના કરીએ છીએ કે
પ્રભુ આપના દિવ્ય
આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. હંસાબેન બિપીનચંદ્ર સુકાની (પત્ની)

| | |
|---|---|
| ચંદ્રવદન ડાહ્યાભાઈ સુકાની (ભાઈ) | ઈલાક્ષી ચંદ્રવદન સુકાની |
| અરવિંદ ડાહ્યાભાઈ સુકાની (ભાઈ) | દમયંતીબેન અરવિંદભાઈ સુકાની |
| અવિ બિપીનચંદ્ર સુકાની (પુત્ર) | ડો. હેત્વી જીગ્નેશકુમાર પરમાર (ભત્રીજી) |
| જોષીલ ચંદ્રવદન સુકાની (ભત્રીજો) | ઋષિત ચંદ્રવદન સુકાની (ભત્રીજો) |
| બોની અરવિંદભાઈ સુકાની (ભત્રીજો) | અપેક્ષા, આર્ચી, લાડલો વેદ |

સુકાની ટ્રેડર્સ : ૯૮૨૫૧ ૪૮૭૫૧, ૯૮૨૫૧ ૪૮૬૫૧, ૯૦૯૯૫ ૭૮૮૮૯.

નિવાસસ્થાન : ૧/૭૯૩, ખારવાવાડ, નાનપુરા, સુરત

### સુરતી મોઢ વણીક બેસણું



સ્વ. ધીરજલાલ ચંપકલાલ ચાહવાલા
(જન્મ તા. 08/01/1951 | સ્વ. તા. 17/10/2026)

દિલગીરી સાથે જણાવવાનું કે મારા પતિશ્રી સ્વ. ધીરજલાલ ચંપકલાલ ચાહવાલા તા. 17/10/2026 શનિવાર ના રોજ દેવ લોક પામ્યા છે.

**સદગતનું બેસણું**
તા. 18/10/2026 ને રવિવાર સવારે 9:30 થી 11:00 દરમિયાન
પાર્ટી હોલ, રાજહંસ કેમ્પસ, રાજહંસ મલ્ટીપ્લેક્ષ ની સામે, પાલ, સુરત ખાતે રાખેલ છે.

લિ.
ગં.સ્વ. મધુકાન્તાબેન ધીરજલાલ ચાહવાલા

| | |
|---|---|
| બિપિનચંદ્ર ચંપકલાલ ચાહવાલા | સ્વ. નયનાબેન બિપિનચંદ્ર ચાહવાલા |
| ધર્મિન ધીરજલાલ ચાહવાલા | પ્રીતી ધર્મિન ચાહવાલા |
| સ્વ. અંકુરભાઈ ધીરજલાલ ચાહવાલા | સ્વ. માનસી અંકુર ચાહવાલા |
| હિતેશકુમાર રજનીકાન્ત તમાકુવાલા | બીના હિતેશકુમાર તમાકુવાલા |

તથા સમસ્ત ચાહવાલા પરિવાર
પ્રભુ દિવંગત આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના